# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા તા.૧૦/૦૫/૨૦૨૧ થી તા.૨૫/૦૫/૨૦૨૧ દરમ્યાન લેવામાં આવશે. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ પર મૂકેલ છે. સદર કાર્યક્રમમાં વહીવટી અનુકુળતા ખાતર તા.૧૩/૦૫/૨૦૨૧ના રોજ સામાન્ય પ્રવાહ (ધોરણ-૧૨)માં સવારે સેક્રેટરીયલ પ્રેકિટસ અને વાણિજય પત્ર વ્યવહાર (૩૩૭) તથા બપોરે ભૂગોળ (૧૪૮) વિષયની પરીક્ષા લેવામાં આવશે તા.૧૫/૦૫/૨૦૨૧ ના રોજ બપોરે અર્થશાસ્ત્ર (૦૨૨) વિષયની પરીક્ષા રહેશે તથા તા.૨૧/૦૫/૨૦૨૧ના રોજ સવારે સંગીત સૈધ્ધાંતિક(૧૪૬) વિષયની પરીક્ષા રહેશે.જેનો વિગતવાર કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે. આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ નોંધ લેવા વિનંતી છે.

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા - ૦૪ /૦૨/૨૦૨૧

સ્થળ - ગાંધીનગર